તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-06-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના સાથે દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ આપવા મંત્રણા કરશે.
- ✓ કેન્દ્રીય નાણામંત્રીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં 53મી વસ્તુ અને સેવાકર પરિષદની બેઠક યોજાશે.
- ✓ સંયુક્ત CSIR-UGC-NET જૂન 2024ની પરીક્ષા મુલતવી રાખવામાં આવી છે.
- ✓ આગામી ચાર દિવસમાં કેરળ, કર્ણાટક અને ગોવામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી.
- ✓ T20 પુરુષ વિશ્વ કપ ક્રિકેટની સુપર 8 મેચમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DAY BANGLADESH PM VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના સાથે દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ આપવા વ્યાપક મંત્રણા કરશે. ભારત અને બાંગ્લાદેશ અનેક મુદ્દાઓ પર અનેક કરારો પર હસ્તાક્ષર કરશે. રાષ્ટ્રપતિ ભવનમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રીને ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યું હતું. તેઓ શ્રીમોદી સાથે દ્વિપક્ષીય ચર્ચાવિચારણા કરવાની સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરશે. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે સુશ્રી હસીના સાથે મુલાકાત કરી હતી. અને વિવિધ દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. સામાજિક માધ્યમની એક પૉસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે, બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રીની ભારતની મુલાકાત અમારા નજીકનાં અને નિષ્ઠાવાન સંબંધો દર્શાવે છે. જ્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, બાંગ્લાદેશ ભારતનું મુખ્ય ભાગીદાર અને વિશ્વાસપાત્ર પાડોશી છે અને તેમની મુલાકાત દ્વિપક્ષીય ભાગીદારીને મોટો વેગ આપશે.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# GST COUNCIL

નાણામંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હીમાં 53મી વસ્તુ અને સેવાકર પરિષદ(GST)ની બેઠક યોજાશે. નવી સરકારની રચના બાદ આ પહેલી બેઠક હશે.

આ પહેલા પરિષદની બેઠક ગયા વર્ષે 7 ઓક્ટોબરમાં યોજાઈ હતી. જેમાં પરિષદે પાત્રતા અને વય અંગે સૂચિત GST એપેલેટ ટ્રિબ્યુનલ્સના પ્રમુખ અને સભ્યની નિમણૂકની શરતોમાં સુધારા તેમજ પાવડરના રૂપમાં બાજરીના લોટની ખાદ્ય તૈયારી માટે શૂન્ય દરની પણ ભલામણ કરી હતી. ઉપરાંત પરિષદે શેરડીના ખેડુતોને બાકી લેણાંની ઝડપી નિકાલ માટે અને પશુ આહારના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવા મોલાસીસ પરનો GST 28 ટકાથી ઘટાડીને 5 ટકા કરવાનો નિર્ણય લીધો હતો.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PRE BUDGET MEETING

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન આગામી સામાન્ય બજેટ પહેલા નવી દિલ્હીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ સાથે – બજેટ પહેલાની બેઠક કરી રહ્યા છે. આ બેઠકમાં ગોવા, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને સિક્કિમના મુખ્યમંત્રીઓ અને બિહાર, મધ્યપ્રદેશ, ઓડિશા, રાજસ્થાન અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રીઓ તેમજ, નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી, નાણા સચિવ ટી.વી. સોમનાથન, આર્થિક બાબતોના વિભાગના સચિવ અને વરિષ્ઠ અધિકારીઓ પણ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

ગઈકાલે, સુશ્રી સીતારામને ખેડૂત સંગઠનો અને કૃષિ અર્થશાસ્ત્રીઓના પ્રતિનિધિઓ સાથે બજેટ પહેલા પરામર્શ કર્યો હતો. અગાઉ, તેણીએ નાણાકીય અને મૂડી બજાર ક્ષેત્રના અગ્રણી નિષ્ણાતો, ઉદ્યોગ અગ્રણીઓ અને સંગઠનો તેમજ અગ્રણી અર્થશાસ્ત્રીઓ સાથે સમાન બેઠકો યોજી હતી.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *CSIR-UGC-NET*

સંયુક્ત CSIR-UGC-NET જૂન 2024ની પરીક્ષા અનિવાર્ય સંજોગો અને માળખાકીય વ્યવસ્થાઓને કારણે મુલતવી રાખવામાં આવી છે.

આ પરીક્ષા 25 થી 27 જૂન-2024 દરમિયાન યોજાવાની હતી. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા NTA એ જણાવ્યું હતું કે આ પરીક્ષા માટેનું નવું સુધારેલું સમયપત્રક સત્તાવાર વેબસાઇટ દ્વારા હવે પછીથી જાહેર કરવામાં આવશે. NTA એ કહ્યું છે કે કોઈપણ પ્રશ્ન અથવા સ્પષ્ટતા માટે ઉમેદવારો સંસ્થાના હેલ્પ ડેસ્ક નંબર – 011- 40759000 અને 011-69227700 પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત csirnet@nta.ac.in પર ઈમેલ કરીને NTA તરફથી લેખિત માહિતી પણ મેળવી શકાશે.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *WEATHER*

ભારતીય હવામાન વિભાગે આગામી 4 દિવસ માટે કેરળ, કર્ણાટક અને ગોવામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે આજે કેરળનાં 6 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ તો આવતીકાલે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જયારે કેરળનાં દરિયાકાંઠાના ઘણાં વિસ્તારોમાં ભારે દરિયાઈ મોઝા ઉછળવાની આગાહીને પગલે માછીમારોને દરિયો નહિ ખેડવાની તાકીદ કરાઈ છે. તેમજ ગુજરાત, મહારાષ્ટ્ર, લક્ષદ્વીપ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ અને પુડુચેરીમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. ઉત્તર પૂર્વ ભારતમાં નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આજે અને પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં આગામી 5 દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે જણાવાયું છે કે , આગામી 4 દિવસ દરમિયાન ગંગાના પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા અને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના રહેલી છે.

આ ઉપરાંત પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં આ મહિનાની 24મી તારીખ સુધી તીવ્ર ગરમીની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા છે. આગામી 2 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાન 3 થી 4 ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. દેશના બાકીના ભાગોમાં મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફારની સંભાવના નથી.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK*

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *AKASHVANI NEWS- (MUST)*

આકાશવાણી સમાચાર સેવાને ભારતમાં સૌથી વિશ્વસનીય સમાચાર સેવા ગણવામાં આવે છે.

ઓક્સફોર્ડ યુનિવર્સીટીની પત્રકારત્વના અભ્યાસ માટેની રોઇટર સંસ્થાના તાજેતરના સર્વેક્ષણમાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. ડીજીટલ ન્યૂઝ રીપોર્ટ 2024ના આ સર્વેક્ષણમાં દેશભરમાં આવેલા મહત્વના સમાચાર સેવા ગૃહોની સરખામણીએ આકાશવાણી સમાચાર સેવાએ વિશ્વસનીય સમાચાર સેવાની શ્રેણીમાં નોંધપાત્ર ગુણ વધારે મેળવ્યા છે.

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સેહગલે સર્વેક્ષણના તારણોને આવકારતા જણાવ્યું છે કે, બધી જ પરિસ્થિતીઓમાં આકાશવાણી સમાચાર સેવાએ સત્ય અને વિશ્વસનીય સમાચારો પ્રસારિત કરવાની આકાશવાણી સમાચાર સેવાની મજબૂત પ્રતિબધ્ધતાનું આ પ્રમાણ છે.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *AMARNATH YATRA*

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં વાર્ષિક અમરનાથ યાત્રાના ઔપચારિક ઉદ્ઘાટન પ્રસંગે ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ વીડિયો પરિષદના માધ્યમથી 'પ્રથમ પૂજા' કરી હતી. શ્રી સિન્હાએ બાબા અમરનાથના આશીર્વાદ લીધા અને તમામ લોકોને સારા સ્વાસ્થ્ય, પ્રગતિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. પત્રકારો સાથે સંવાદ કરતા ઉપ-રાજ્યપાલે શ્રદ્ધાળુઓ માટે સમગ્ર યાત્રા અનુભવમાં ગુણાત્મક પરિવર્તન લાવવા માટે તંત્ર અને શ્રાઈન બૉર્ડના પ્રયાસ અંગે માહિતી આપી હતી.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *T20-WORLD-CUP*

T20 પુરુષ વિશ્વ કપ ક્રિકેટની સુપર 8 મેચમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. આ મેચ એન્ટીગુઆના નોર્થ સાઉન્ડના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં રાત્રે 8 વાગ્યે રમાશે. આકાશવાણી પરથી આ મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

ટી-20 વિશ્વકપની સુપર એઈટમાં વેસ્ટ ઈન્ડીઝ અને U.S.A. વચ્ચે રમાયેલી મેચમાં વેસ્ટઈન્ડીઝે U.S.A.ની ટીમને નવ વિકેટે હરાવી છે. વેસ્ટ ઈન્ડીઝ તરફથી શાઈ હૉપે સૌથી વધારે અણનમ 82 રન બનાવ્યા હતા. જ્યારે જ્હોનસન ચાર્લ્સે 15 તો નિકોલસ પુરને અણનમ 27 રન બનાવ્યા હતા.

યુએસએ એ પહેલા બેટિંગ કરી હતી. ટીમમાંથી સૌથી વધારે 28 રન એન્ડ્રીઝ ગૌસે બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડીઝ તરફથી આન્દ્રે રશેલ અને રોસ્ટન ચેઝે ત્રણ—ત્રણ, અલઝારી જોસેફે 2 અને ગુડાકેશ મોટીએ એક વિકેટ લીધી હતી.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *18TH MIFF*

18મો મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ - MIFF રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સિનેમાની શ્રેષ્ઠ પ્રતિભાના પ્રદર્શન સાથે ગઈકાલે રાત્રે સમાપ્ત થયો.ફેસ્ટિવલ ડાયરેક્ટર પ્રિતુલ કુમારે જણાવ્યું હતું કે, આ ફેસ્ટિવલમાં સૌથી વધુ સંખ્યામાં ડેલિગેટ્સ અને ફિલ્મ રજિસ્ટ્રેશન મળ્યા હતા. તેમણે તમામ ફિલ્મી મંડળ, જ્યુરી, ભારત સરકાર અને મહારાષ્ટ્ર સરકારનો તમામ સમર્થન માટે આભાર માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડીઝાઇન અમદાવાદે બનાવેલી ફિલ્મ “નિર્જરા” ને શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મ માટેનો સિલ્વર કૌંચનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ડોક્યુમેન્ટ્રી, એનિમેશન ફિલ્મો અને શોર્ટ ફિક્શન ફિલ્મો માટે દક્ષિણ એશિયાના સૌથી પ્રતિષ્ઠિત પ્લેટફોર્મમાંનું એક છે જેમાં વિશ્વભરના ફિલ્મ નિર્માતાઓ ભાગ લે છે.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# AMBUBACHI FAIR

આસામના કામાખ્યા મંદિરમાં સુપ્રસિદ્ધ અંબુબાચી મેળાનો આજથી પ્રારંભ થયો છે. 26 જૂન સુધી યોજાનારા આ મેળાના પ્રથમ દિવસે જ લાખો શ્રદ્ધાળુઓ આવ્યા છે. આ તહેવાર દરમિયાન કામાખ્યા મંદિરના દ્વાર બંધ રહશે. જોકે, 25 જૂને રાત્રીના 9 વાગ્યે ને 8 મિનિટે મંદિરના દ્વાર ફરીથી ખોલવામાં આવશે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે કામરૂપ મેટ્રો જિલ્લા વહીવટી તંત્રએ સુચારું વ્યવસ્થાનું આયોજન કર્યું છે.

તા. 22-06-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *EURO-CUP*

યુરો કપ 2024માં ગઇકાલે રાત્રે બર્લિનના ઓલિમ્પિયાસ્ટેડિયનમાં ગ્રુપ Dની મેચમાં ઑસ્ટ્રિયાએ પોલેન્ડને 3-1થી હરાવ્યું.

આ હારથી પોલેન્ડની આગલા રાઉન્ડ માટે ક્વોલિફાય થવાની આશા ઉપર પાણી ફરી વળ્યું છે કારણ કે તે ગ્રુપ ડીમાં તેની પ્રથમ મેચમાં નેધરલેન્ડ સામે હારી ચૂક્યું હતું.